

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-49 ■ તા. 15-12-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# ભારતમાં જીવલેણ પ્રદૂષણ દાયકામાં ૩૮,૦૦,૦૦૦ લોકોને ભરખી ગયો : રિપોર્ટ



ભારતમાં હવામાં રહેલા પીએમ ૨.૫ કણની માત્રા વધતા મૃત્યુદરમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. લાંબા સમય સુધી પ્રદૂષિત હવાના સંપર્કમાં રહેવાથી ભારતમાં લાખો લોકો જીવ ગુમાવી રહ્યા છે. આ બાબતનો ઘટસ્ફોટ સ્વિડનની કેરોલિન્સ્કા ઈન્સ્ટિટયૂટના સંશોધનમાં કરાયો છે. આ રિપોર્ટ મુજબ ભારતમાં વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૯ સુધીમાં હવાના પ્રદૂષણના કારણે ૩૮ લાખ લોકોનાં મોત થયા હતા.

સ્વિડનની કેરાલિન્સ્કા ઈન્સ્ટિટ્યૂટનું આ સંશોધન લેન્સેટ પ્લેનેટરી હેલ્થમાં પણ પ્રકાશિત થયું છે. સંશોધનમાં જણાવાયું છે કે વાયુ પ્રદૂષણ સંબંધિત મોતનો આંકડો ૨૦૦૯માં ૪૫ લાખથી વધીને ૨૦૧૯માં ૭૩ લાખ થઈ ગયો હતો. આ સંશોધનમાં ભારતમાં હવાની ગુણવત્તા સંબંધિત નિયમો અંગે આકરું વલણ અપનાવવાની માગ કરાઈ છે. આ રિસર્ચ પીએમ ૨.૫ નામના નાના વાયુ પ્રદૂષણના કણો પર આધારિત છે. આ કણ ફેફસાં અને બ્લડ સ્ટ્રીમમાં ઊંડે સુધી જઈ શકે છે, જેનાથી સ્વાસ્થ્ય સંબંધિત ગંભીર સમસ્યાઓ સર્જાવાની સંભાવના છે. વર્ષ ૨૦૦૯થી ૨૦૧૯ના સમયગાળા વચ્ચે ભારતના ૬૫૫ જિલ્લાના ડેટાના આધારે આ સંશોધન કરાયું છે, જેમાં પીએમ ૨.૫ના સ્તરને મૃત્યુ દર સાથે જોડવામાં આવ્યો છે. સંશોધનમાં જણાયું છે કે પીએમ ૨.૫ના સ્તરમાં પ્રતિ ક્યુબિક મીટર ૧૦ માઈક્રોગ્રામ વધારો થાય છે ત્યારે મૃત્યુદર પણ ૮.૬ ટકા વધી જાય છે. સંશોધનમાં જણાવાયું છે કે દેશની ૧.૧ અબજ વસતી અંદાજે ૮૨ ટકા લોકો એવા વિસ્તારોમાં રહે છે જ્યાં પીએમ ૨.૫ સ્તર ભારતના રાષ્ટ્રીય પર્યાવરણગુણવત્તા માપદંડ કરતાં પણ વધુ છે. આ સંશોધનમાં જણાવાયું છે કે ભારતમાં ખરાબ હવાના માપદંડ પ્રતિક્યુબિક મીટર ૪૦ માઈક્રોગ્રામ મુજબ છેલ્લા ૧૦ વર્ષમાં લગભગ ૩૮ લાખ લોકોનાં મોત ખરાબ હવાના કારણે થયા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના માપદંડ અને માર્ગદર્શિક સાથે ભારત માપદંડોની સરખામણી કરવામાં આવે ત્યારે આ આંકડા વધુ ખતરનાક બની જાય છે.

## ગુજરાતમાં કમોસમી વરસાદથી ઠંડીનું પ્રમાણ વધશે

અમદાવાદ

રાજ્યમાં લઘુત્તમ તાપમાન ૫ ડિગ્રીએ પહોંચી ગયું છે અને ઠંડી ધીમે ધીમે રાજ્યમાં જોર પકડી રહી છે, નલિયામાં લઘુત્તમ તાપમાન ૫ ડિગ્રી નોંધાયું હતું ગુજરાતમાં દિવસો વધવાની સાથે ઠંડીનું પ્રમાણ પણ સતત વધી રહ્યું છે. ડિસેમ્બર મહિનાની શરૂઆત સાથે જ રાજ્યમાં ઠંડીનું પ્રમાણ પણ વધી રહ્યું છે. દરમિયાન, હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં વધુ ઠંડી પડવાની સંભાવના છે. આ સાથે વિભાગે ઘણા જિલ્લાઓમાં તીવ્ર ઠંડી પડવાની આગાહી કરી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ કોલ્ડવેવની અસર થવાની સંભાવના છે. તેમજ આજે સવારથી ગુજરાતમાં કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડ જેવી ઠંડીનો અહેસાસ લોકો કરી રહ્યા છે. દરમિયાન હવામાનની આગાહી કરનાર અંબાલાલ પટેલે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં ગુજરાતમાં ઠંડી અને કમોસમી વરસાદ પડી શકે છે. ભારતીય હવામાન વિભાગે આગાહીમાં જણાવ્યું છે કે આગામી દિવસોમાં ઠંડી વધી શકે છે. દેશના મોટાભાગના ભાગોમાં શિયાળા દરમિયાન સામાન્ય તાપમાન વધુ નોંધાય તેવી શક્યતા છે. ઠંડીના મોજાના દિવસો ઓછા રહેશેઃ ઉત્તર પશ્ચિમ, મધ્ય અને ઉત્તરપૂર્વ ભારતમાં ઓછા શીત લહેરના દિવસો રહેશે. દક્ષિણ ભારતમાં ઠંડી વધી શકે છે. દક્ષિણ દ્વીપકલ્પના ભારતમાં તાપમાન સામાન્ય કરતાં ઓછું રહી શકે છે. ઉત્તરથી દક્ષિણ તરફ તીવ્ર ઠંડીનું મોજું ફરી વળ્યું છે. હિમાચલમાં હિમવર્ષાના કારણે ઠંડીમાં વધારો થયો છે. ડિસેમ્બર આવતાની સાથે જ ઠંડીએ પણ પોતાનો રંગ બતાવવાનું શરૂ કરી દીધું છે. પરંતુ આગામી ડિસેમ્બરના દિવસો વધુ ડરામણા હશે તેવો અંદાજ છે. હવામાન વિભાગે ઠંડીની નવી આગાહીને લઈને મોટું એલર્ટ આપ્યું છે. ૨૩ ડિસેમ્બર પછી રાજ્યમાં ૧૬-૨૨ દરમિયાન તીવ્ર ઠંડી પડવાની શક્યતા છે, દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ અને વરસાદની શક્યતા છે, જાન્યુઆરીમાં રાજ્યમાં હાડકાની ઠંડી પડશે અને ઠંડીનું જોર વધશે. ૪ અને ૫ જાન્યુઆરીએ પવન ફૂંકાશે. ઉત્તર ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રીએ પહોંચી શકે છે, જેના કારણે ત્રીજા સપ્તાહમાં બંગાળની ખાડીમાં સિસ્ટમ સર્જાય તેવી શક્યતા છે. ડિસેમ્બરમાં વરસાદની આગાહી છે. આ સિસ્ટમના કારણે ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સંભાવના છે, આ સિસ્ટમ બનવાને કારણે ૨૩ ડિસેમ્બર પછી કડકડતી ઠંડી પડવાની શક્યતા છે અને બર્ફીલા પવનો ફૂંકાશે. જેમાં દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ઝરમર ઝરમર ઝરમર વરસાદ પડવાની સંભાવના છે, જાન્યુઆરી મહિનામાં રાજ્યમાં હાડકાં ભરતી ઠંડી પડશે.

## વાઈબ્રન્ટ ગુજરાતમાં કરોડોના ધૂમાડા છતાં નાના ઉદ્યોગો થકી રોજગાર આપવામાં આપણું રાજ્ય 'તળિયે'

વાઈબ્રન્ટ ગુજરાતના નામે કરોડો રૂપિયાનું આંધણ કરવામાં આવી રહ્યુ છે. એટલું જ નહી ઉદ્યોગો માટે લાલજાજમ પાથરવામાં આવે છે તેમ છતાંય રોજગારીની સમસ્યા યથાવત રહી છે. મોટા ઉદ્યોગો તો ઠીક પણ લઘુ ઉદ્યોગો પણ બેરોજગારોને રોજગારી આપવામાં અસક્ષમ રહ્યાં છે. ગ્રામ્ય વિસ્તારમાં નાના ઉદ્યોગોના માધ્યમથી રોજગારી આપવામાં પણ ગુજરાત પાછલી હરોળમાં રહ્યું છે. પ્રાઈમ મિનિસ્ટર એમ્પ્લોયર્મેન્ટ જનરેશન પ્રોગ્રામમાં ગુજરાત સારૂ પ્રદર્શન કરી શક્યુ નથી. રોજગારી માટે ગામડા છોડીને હજારો બેરોજગારો શહેરો તરફ આવી રહ્યાં છે. બેરોજગારોનું સ્થળાંતર રોકવા અને ગ્રામ્ય વિસ્તારમાં જ રોજગારી મળી શકે તે માટે નાના-લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકારે પણ પ્રાઈમ મિનિસ્ટર એમ્પલોયમેન્ટ જનરેશન પ્રોગ્રામનો આરંભ કર્યો છે. જેમાં લઘુ ઉદ્યોગોના માધ્યમથી રોજગારી આપવાનો મુખ્ય હેતુ છે. બેરોજગારો માટે ઉપયોગી એવી પ્રાઈમ મિનિસ્ટર એમ્પલોયમેન્ટ જનરેશન પ્રોગ્રામમાં પણ ગુજરાત પાછળ રહ્યું છે. જ્યારે જમ્મુ-કાશ્મીર, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, તામિલનાડુ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક જેવા રાજ્યોએ સારૂ પ્રદર્શન કરી બેરોજગારોને રોજગારી આપી છે. રાજ્યસભામાં પૂછાયેલાં એક સવાલના જવાબમાં મીનિસ્ટ્રી ઓફ માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈસીઝે એવો ખુલાસો કર્યો છે કે, પ્રાઈમ મિનિસ્ટર એમ્પલોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૪ હજાર અને વર્ષ ૨૪-૨૫માં ૮૬૮૮ લોકોને રોજગારી આપવામાં આવી છે. બે વર્ષમાં કુલ મળીને ૩૨,૬૮૮ લોકોએ રોજગારી મેળવી હતી. બીજી તરફ જમ્મુ-કાશ્મીર, ઉત્તર પ્રદેશ, તામિલનાડુ, બિહાર કર્ણાટકમાં વધુ લોકોને રોજગારી મળી છે. એવી ચર્ચા છે કે, રાજ્ય-કેન્દ્ર સરકારના પ્રોત્સાહન પછી પણ લઘુ ઉદ્યોગોનું ગુજરાતમાં ડગુમગુ રહ્યુ છે. અનેક સમસ્યાઓ સામે નાના ઉદ્યોગો ઝઝૂમી રહ્યાં છે. આ કારણોસર સરકારની અનેકવિધ યોજનાઓ હોવા છતાં બેરોજગારો માટે લાભદાયી સાબિત થતી નથી. જો કે, સરકારનો દાવો છે કે, છેલ્લાં ચારેક વર્ષમાં ગુજરાતમાં લઘુ ઉદ્યોગોના માધ્યમથી ૩૮.૪૪ લાખ લોકોએ રોજગારી મેળવી છે.

### ગાંધીનગર જિલ્લામાં ખનીજ માફિયાઓને રોકવા સતત ચેકીંગની કામગીરી ચાલું

## કલેકટરશ્રી મેહુલ દવે દ્વારા ગાંધીનગર જિલ્લામાં ખનીજ ચોરી અટકાવવા ઘણા લાંબા સમયથી ચાલતા અવિરત પ્રયત્નોના ભાગ રૂપે છેલ્લા અઠવાડિયામાં ૧૦ વાહનો જપ્ત







કલેક્ટરશ્રી, ગાંધીનગર મેહુલ દવે ના માર્ગદર્શન અને મદદનીશ ભુસ્તરશાસ્ત્રી પ્રણવ સિંહની સુચના હેઠળ ગાંધીનગર જીલ્લાના મદદનીશ ભુસ્તરશાસ્ત્રી ની કચેરી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું ની ક્ષેત્રીયટીમ દ્વારા ગાંધીનગર જીલ્લામાં છેલ્લા અઠવાડિયામાં વાહન ચેકીંગની સઘન કામગીરી અલગ-અલગ વિસ્તારમાં રાત્રિ-દિવસના સમયે હાથ ધરી સાદીરેતી અને સાદીમાટી ખનિજના બિનઅધિકૃત વહન કરતાં ૦૬ વાહનો અને ઓવરલોડ ખનિજના વહન કરતાં ૦૪ વાહનો એમ કુલ ૧૦ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. આ વાહનો પૈકી ડમ્પર નં. જ્પ્ત-૧૮-ક્-૯૧૯૯ સાદીમાટી ખનિજના ઓવરલોડ વહન કરતાં ગાંધીનગર તાલુકાના ભાટ ગામ ખાતેથી, ડમ્પર નં.જ્પ્ત-૦૭-રૂઢ-૭૦૪૭ સાદીરેતી ખનિજના રોયલ્ટીપાસ વગર બિનઅધિકૃત વહન કરતાં કલોલ તાલુકાના હાજીપુર ગામ ખાતેથી, ડમ્પર નં.જ્પ્ત-૦૧-ત્ન્-૭૨૭૬ સાદીરેતી ખનિજના ઓવરલોડ વહન કરતાં ગાંધીનગર તાલુકાના વાવોલ ગામ ખાતેથી, ટ્રેક્ટર ચેસીસ નં. સ્મ્દ્મછછછઈછર્નઈત્નર્લ્૫૩૮૮ સાદીરેતી ખનિજના બિનઅધિકૃત વહન કરતાં ગાંધીનગર તાલુકાના દોલારાણાવાસણા ગામ ખાતેથી, ડમ્પર નં.જ્પ્ત-૩૫-્-૩૬૭૯ સાદીરેતી ખનિજના ઓવરલોડ વહન કરતાં ગાંધીનગર તાલુકાના પેથાપુર ગામ ખાતેથી, ડમ્પર નં.જ્પ્ત-૦૭-રૂઢ-૧૩૧૩ સાદીરેતી ખનિજના રોયલ્ટીપાસ વગર બિનઅધિકૃત વહન કરતાં ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડા ગામ ખાતેથી, ડમ્પર નં.જ્પ્ત-૦૨-ઢઠ-૯૬૮૪ સાદીરેતી ખનિજના રોયલ્ટીપાસ વગર બિનઅધિકૃત વહન કરતાં ગાંધીનગર તાલુકાના કોબા ગામ ખાતેથી, ડમ્પર નં.જ્પ્ત-૦૧-ઢઠ-૦૧૭૦ ખનિજના ઓવરલોડ વહન કરતાં ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામ ખાતેથી, ડમ્પર નં.જ્પ્ત-૦૧-ત્ન્-૭૯૨૯ ખનિજના રોયલ્ટીપાસ વગર બિનઅધિકૃત વહન કરતાં ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામ ખાતેથી, ડમ્પર નં.જ્પ્ત-૧૮-મ્ફ-૦૪૯૪ ખનિજના રોયલ્ટીપાસ વગર બિનઅધિકૃત વહન કરતાં ગાંધીનગર તાલુકાના પિપળજ ચેકપોસ્ટ ખાતેથી એમ બિન અધિકૃત વહન કરતા કુલ આશરે ૨૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ જપ્ત કરેલ વાહનોના વાહનમાલિકો વિરૂધ્ધ ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલ્લીગલ માઈનીગ, ટ્રાન્સપોર્ટેશન અને સ્ટોરેજ) નિયમો-૨૦૧૭ ના નિયમો હેઠળ દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જ્યાં ઓક્ટોબર-૨૦૨૪ થી આજ દિન સુધી ખનિજના બિનઅધિકૃત ખનન/વહન/સંગ્રહના કુલ ૧૦૩ કેસો કરી ૭૯.૩ લાખની વસુલાત કરવામાં આવી છે. તેમજ ચાલુ વર્ષ-૨૦૨૪-૨૫ દરમ્યાન ખનિજના બિનઅધિકૃત ખનન/વહન/સંગ્રહના કુલ ૨૧૯ કેસો કરી ૨૧૭.૬૭ લાખની વસુલાત કરવામાં આવેલ છે. તેમજ ૧૫૯૯.૩૨ લાખની દંડકીય રકમની ખનિજના બિનઅધિકૃત ખનન સબબની કુલ બે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

### ઓક્ટોબર-૨૦૨૪ થી આજ દિન સુધી ખનિજના બિનઅધિકૃત ખનન/વહન/સંગ્રહના કુલ ૧૦૩ કેસો કરી ૭૯.૩ લાખની વસુલાત કરવામાં આવી

### ગુજરાત રાજ્યમાં બોટીંગ પ્રવૃત્તિઓની

## સલામતી માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા 'ગુજરાત ઈનલેન્ડ વેસેલ્સ નિયમ-૨૦૨૪' જાહેર

ગાંધીનગર,

રાજ્યમાં બોટીંગ પ્રવૃત્તિઓમાં સલામતી માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા 'ગુજરાત ઈનલેન્ડ વેસેલ્સ નિયમ, ૨૦૨૪' જાહેર કરાયા છે. જેમાં પ્લેઝર ક્રાફ્ટ/બોટના રજિસ્ટ્રેશન, સર્વે અને ઓપરેશન માટેની પરવાનગી તથા રાજ્યમાં આંતરિક જળમાર્ગો પર સંચાલિત બોટના નિયમન માટે વિસ્તૃત માર્ગદર્શિકા તૈયાર કરાઈ છે તેમ, ગુજરાત મેરીટાઈમ બોર્ડની યાદીમાં જણાવવામાં આવ્યું હતું. વધુમાં, રાજ્યની તમામ પ્લેઝર ક્રાફ્ટ/બોટના માલિકોએ તેમની બોટની નોંધણી સંબંધિત જિલ્લા કલેક્ટરની કચેરીમાં ફરજિયાત કરાવવાની રહેશે. બોટની નોંધણી પછી ગુજરાત મેરીટાઈમ બોર્ડના સર્વેયર દ્વારા બોટનું સર્વેક્ષણ કરવામાં આવશે. બોટનું સંચાલન કરવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા મ્યુનિસિપલ કમિશનર પાસેથી પરમિટ-પરવાનગી મેળવવી જરૂરી છે. અત્રે નોંધનીય છે કે, પ્લેઝર ક્રાફ્ટ/બોટના માલિકોએ પ્રક્રિયા પ્રમાણે નિર્ધારિત ફોર્મમાં નોંધણી કરાવવી ફરજિયાત છે. જો કોઈ બોટ માલિક આ નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને બોટને ગેરકાયદેસર ગણવામાં આવશે તેમ, વધુમાં જણાવવામાં આવ્યું હતું.

## ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વૃદ્ધો માટે નવી પહેલ: 'અવસર' યોજનાનો થશે શુભારંભ

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અટલ વૃદ્ધ સહાય આરોગ્ય રથ યોજના એટલે કે ×અવસર× યોજના શરૂ કરવામાં આવશે. ૬૦ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓને ઘર બેઠા આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવશે. વડીલોને પોતાના ઘરથી નજીકના અર્બન હેલ્થ સેન્ટર કે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં આધાર કાર્ડની એક ઝેરોક્ષ સાથે રાખીને ફોર્મ ભરીને નોંધણી કરાવી શકશે. આગામી અઠવાડિયામાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી રથનું લોકાર્પણ કરશે. મેયરશ્રી મીરાબેન પટેલએ વડીલોની ચિંતા કરીને આરોગ્યલક્ષી સુવિધામાં વધારો કરતા જણાવ્યંડ હતું કે ગાંધીનગર મહાનગરપાલિકા નગરજનોની તમામ પ્રાથમિક સુવિધાઓ સાથે સુખાકારીમાં વધારો કરવા માટે સતત કાર્યરત છે, ત્યારે આરોગ્યલક્ષી સુવિધામાં વધારો કરતા ગાંધીનગર મહાનગરપાલિકા અટલ વૃદ્ધ સહાય આરોગ્ય રથ યોજના એટલે કે અવસર યોજનાને કાર્યરત કરવા જઈ રહી છે. આ યોજના અંતર્ગત આરોગ્ય રથમાં એક મેડિકલ ઓફિસર, સ્ટાફ નર્સ અને હેલ્પર રહેશે. જેઓ અર્બન હેલ્થ સેન્ટર કે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે નોંધાયેલા લાભાર્થીઓના ઘરે મહિનામાં એકવાર આરોગ્યલક્ષી તપાસવા માટે મુલાકાત લેશે, આ મુલાકાત દરમિયાન તેઓના બ્લડપ્રેશર, ડાયાબિટીસ, ઓક્સિજન લેવલ તેમજ અન્ય જરૂરી તપાસ કરીને પ્રાથમિક સારવાર આપશે.

### તંત્રી લેખ....

# વિદેશી રોકાણકારો માટે ભારત રોકાણ હબ!

વર્તમાન નાણાવર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ છ મહિના દરમિયાન પ્રત્યક્ષ વિદેશી રોકાણમાં ૨૬%ની વૃદ્ધિ સાથે તે ઈ૪૨.૧ અબજ વધ્યું છે, જે સાથે જ હવે ભારતે આ સદીની શરૂઆતથી ઈ૧ ટ્રિલિયનની એફડીઆઇનો સિમાચિહ્ન હાંસલ કર્યો છે. ભારતે તેની આર્થિક સફરમાં એક મહત્વપૂર્ણ સિમાચિહ્ન હાંસલ કરતા, એપ્રિલ ૨૦૦૦ બાદથી ઈ૧ ટ્રિલિયનનું વિદેશી રોકાણ મેળવ્યું છે.

વાણિજ્ય અને ઔદ્યોગિક મંત્રાલયે જણાવ્યું હતું કે આ ગ્રોથ વૈશ્વિક રોકાણના હબ તરીકે ભારતના વધતા આકર્ષણને દર્શાવે છે. એફડીઆઈએ નોંધપાત્ર નોન ડેટ ફાઈનાન્સિયલ સ્ત્રોત પૂરા પાડવા ઉપરાંત મજબૂત ટેક્નોલોજી ટ્રાન્સફર અને રોજગારી માટેની તકો ઉભી કરીને દેશના વિકાસમાં ક્રાંતિકારી ભૂમિકા ભજવી છે.

વાણિજ્ય મંત્રાલય અનુસાર મેક ઇન ઈન્ડિયા, સેક્ટોરલ નીતિમાં ઉદારીકરણ અને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ જેવી પહેલોએ રોકાણકારોના ભરોસાને વધુ મજબૂત બનાવ્યો છે તેમજ સ્પર્ધાત્મક શ્રમ ખર્ચ અને વ્યૂહાત્મક ઈન્સેન્ટિવે મલ્ટિનેશનલ કંપનીઓને આકર્ષિત કરવાનું યથાવત્ રાખ્યું છે.

# જામનગરના નાનીવાવડી ગામમાં ખેડૂતના મકાનમાં ધોળે દહાડે ચોરી થયાની ઘટના બનતા ભારે ચકચાર મચ્યો

જામનગર,

કાલાવડના નાનીવાવડી ગામના કલાક બંધ રહેલા મકાનમાંથી તસ્કરો રોકડ રકમ અને સોના ચાંદીના દાગીના સહિત રૂપિયા ૭.૩૦ લાખ ની મતા ચોરી ગયા ની ફરિયાદ થઈ, કબાટમાં અન્ય સ્થળે રાખેલું ૧૭ તોલા સોનુ હાથ ન લાગતાં બચી ગયું. જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નાનીવાવડી ગામમાં તસ્કરો ત્રાટકયા હતા, અને ધોળે દહાડે એક ખેડૂતના માત્ર એક કલાક પૂરતા બંધ રહેલા મકાનને નિશાન બનાવી લઈ અંદરથી ૪૭ તોલા સોનું અને ૮૦૦ ગ્રામ ચાંદી તેમજ એક લાખ ૬૦ હજારની રોકડ રકમ સાહિત્ય ૭ લાખ ૩૦ હજારની માલમતા ચોરી કરી લઈ ગયા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ભારે ચકચાર જાગી છે. પોલીસ તંત્ર સમગ્ર મામલે તપાસ ચલાવે છે.

કાલાવડ તાલુકાના નાનીવાવડી ગામમાં રહેતા અને ખેતી કામ કરતા મનસુખભાઈ પરસોત્તમભાઈ સાંગાણી નામના ૬૦ વર્ષના ખેડૂત ગત નવમી તારીખે બપોરે દોઢ વાગ્યે પોતાના મકાનને તાળું મારીને પોતાની વાડીએ ગયા હતા. ત્યાંથી એક કલાક બાદ પરત ફરતાં તેમના મકાનના દરવાજાના નકુચા અને તાળા તૂટેલા જોવા મળ્યા હતા. તેમજ તિજોરીમાં રાખેલી રૂપિયા ૧.૬૦ લાખની રોકડ રકમ ગાયબ થઈ ગઈ હતી. ઉપરાંત સોનાના અલગ અલગ ૨૬ જેટલા દાગીના કે જેનું વજન ૪૦૩ ગ્રામ થાય છે તેની જુના દાગીના તરીકે પોલીસે ગણતરી કરતા સાડા પાંચ લાખ રૂપિયા થાય છે, જ્યારે ૮૦૦ ગ્રામ ચાંદીના ઘરેણા ચોરાઈ ગયા હતા, જેની અંદાજે ૨૦ હજાર રૂપિયા થાય છે. જે મળી કુલ ૭.૩૦ લાખની માલમતા ની તસ્કરો ચોરી કરી લઈ ગયા હતા. ઉપરોક્ત ચોરીના બનાવ અંગે મનસુખભાઈ સાંગાણીએ કાલાવડ ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવતાં કાલાવડ ટાઉન ના પોલીસ બનાવના સ્થળે પહોંચી ગયા અને ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી હતી. જો કે ગામમાં બે સ્થળે સીસીટીવી કેમેરા જોવા મળ્યા પરંતુ તેમાં કોઈ અવરજવર દેખાઈ ન હતી. પોલીસ દ્વારા કોઈ ચોક્કસ ગેંગનું આ કારસ્તાન હોવાનું અનુમાન લગાવી તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે, અને ગુન્હા શોધક સ્વાન તેમજ ફોરેન્સિક નિષ્ણાંતની મદદ લેવાઈ રહી છે. કબાટમાં અન્ય સ્થળે રાખેલું ૧૭ તોલા સોનુ હાથ ન લાગતાં બચી ગયું મકાનમાલિક મનસુખભાઈ સાંગાણી ના ઘરમાં કબાટમાં હજુ અન્ય સ્થળે ૧૭ તોલા સોનાના દાગીના રાખવામાં આવ્યા હતા, પરંતુ તે દાગીના ઉપર તસ્કર ગેંગ ની નજર પડી ન હતી, અને તેનો બચાવ થયો હતો. તસ્કર ટોળકીએ નાની વાવડી ગામમાં અન્ય ૨ મકાનોને પણ નિશાન બનાવ્યા નાની વાવડી ગામમાં ૯ મી તારીખે ધોળે દિવસે ચોર ટોળકી ત્રાટકી હતી, અને ગામના પાદરમાં જ રહેતા મનજીભાઈ જીવરાજભાઈ પટેલના મકાનને સૌપ્રથમ નિશાન બનાવ્યું હતું, અને ચોરીનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે મકાનમાંથી કશું હાથ લાગ્યું ન હતું. ત્યારબાદ તેની પાછળની શેરીમાં રહેતા ગોવિંદભાઈ પ્રેમજીભાઈ ગોંડલીયાના મકાનને પણ તસ્કરોએ નિશાન બનાવ્યું હતું, પરંતુ ત્યાંથી પણ કશું હાથ લાગ્યું ન હતું. ત્યારબાદ તસ્કરોએ મનસુખભાઈ સાંગાણીના ઘરને નિશાન બનાવતાં મોટી રકમો અને સોનાના ઘરેણાં હાથ લાગ્યા હતા, ચોર ચોરી કરીને ભાગી છુટ્યા છે.

# ટપાલ વિભાગ ખાસ પળોને યાદગાર બનાવવાના માટે કંઈક અનોખું પગલું

અમદાવાદ,

ગુજરાતમાં આજકાલ દરેક વ્યક્તિ પોતાના જન્મદિન, લગ્ન, એનિવર્સરી અથવા નિવૃત્તિની ખાસ પળોને યાદગાર બનાવવાના માટે કંઈક અનોખું કરવું ઈચ્છે છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે તમારા જીવનના આ મહત્વપૂર્ણ ક્ષણો પર ટપાલ ટિકિટ પણ બહાર પાડી શકાય છે ? હા, હવે આ સંભવ છે. માત્ર રૂપિયા ૩૦૦ના ખર્ચમાં ૧૨ ટપાલ ટિકિટોની એક શીટ બનાવી શકાય છે. એક પોસ્ટમાસ્ટરે જણાવવ્યા અનુસાર, ભારતીય ટપાલ વિભાગની પમાય સ્ટેમ્પથ સેવા અંતર્ગત લોકોના જીવનના સુંદર પળોને સુંદર રીતે ટપાલ ટિકિટ પર સ્થાન આપવું શક્ય છે. આ પળોને ટપાલ ટિકિટો દ્વારા હંમેશાં માટે યાદગાર બનાવવું પણ શક્ય છે. અમદાવાદ જી.પી.ઓ સહિતની તમામ હેડ પોસ્ટ ઓફિસમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પોસ્ટમાસ્ટરે જણાવ્યું કે, ૫ રૂપિયાની ટપાલ ટિકિટ પર નવજાત શિશુ, બર્થડે બોય અથવા બર્થડે ગર્લ, નવવિવાહિત યુગલની સુંદર તસ્વીરો, એનિવર્સરીના ઉજવણીઓથી લઈને નિવૃત્તિ સુધીના પળોને માય સ્ટેમ્પદ્વારા સજાવી શકાય છે. આ ટપાલ ટિકિટને દેશભરમાં કોઈપણ પત્રના આદાનપ્રદાન માટે ઉપયોગમાં લઈ શકાય છે. માત્ર ૩૦૦ના ખર્ચમાં ૧૨ ટપાલ ટિકિટોની એક શીટ બનાવી શકાય છે. હેપ્પી બર્થડે, હેપ્પી મેરેજ, હેપ્પી એનિવર્સરી અને હેપ્પી રિટાયરમેન્ટની થીમ પર માય સ્ટેમ્પની સીટ ઉપલબ્ધ છે. આજની યુવા પેઢી સેલ્ફીની દીવાની છે. આ સેલ્ફી પર પણ 'માય સ્ટેમ્પ'ના માધ્યમથી ટપાલ ટિકિટ જારી કરી શકાય છે.

# સુરેન્દ્રનગર જિલ્લા ફૂડ વિભાગે વડી કચેરીમાંથી આદેશ જારી કરીને વેપારીઓને ચેતવણી આપી

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગર જિલ્લામાં તેલના વેપારીઓ જૂના અને નવા ડબ્બામાં તેલનું વેચાણ કરે છે. ત્યારે જિલ્લા ફૂડ વિભાગે મુખ્ય મથકના આદેશ બાદ વેપારીઓને જૂના ડબ્બામાં તેલ ન વેચવા ચેતવણી આપી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં તેલના વેપારીઓ જૂના અને નવા ડબ્બામાં તેલનું વેચાણ કરે છે. ત્યારે જિલ્લા ફૂડ વિભાગે મુખ્ય મથકના આદેશ બાદ વેપારીઓને જૂના ડબ્બામાં તેલ ન વેચવા ચેતવણી આપી છે.આગામી દિવસોમાં તપાસ હાથ ધરવામાં આવશે અને જો વેપારીઓ જૂના ડબ્બામાં તેલ વેચતા પકડાશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સુરેન્દ્રનગર જિલ્લામાં તેલના વેપારીઓ જૂના અને નવા ડબ્બામાં તેલનું વેચાણ કરી રહ્યા છે. જૂના ડબ્બામાં નવા ડબ્બા કરતાં ઓછા ભાગો હોવાથી સામાન્ય લોકો જૂના ડબ્બામાં જ તેલ ખરીદે છે. ત્યારે જૂના ડબ્બામાં તેલ વેચવાથી સ્વચ્છતા સહિત અન્ય સમસ્યાઓ પણ સર્જાય છે. આ ડબ્બાઓને યોગ્ય રીતે સાફ કર્યા વિના જ તેલ ભરીને વેચી દેવામાં આવતા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આથી ફૂડ ડિપાર્ટમેન્ટ હેડક્વાર્ટર દ્વારા રાજ્યભરમાં જૂના ડબ્બામાં તેલના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આથી સુરેન્દ્રનગર જિલ્લા ફૂડ વિભાગે પણ જિલ્લાના તેલના વેપારીઓને આ અંગે ચેતવણી આપી છે. જેમાં આગામી દિવસોમાં ચેકીંગ કરવામાં આવશે. સાથે જ જૂના ડબ્બામાં તેલ વેચનારાઓ સામે ગુનો દાખલ કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. આ અંગે સુરેન્દ્રનગર જિલ્લા ફૂડ વિભાગ કચેરીના કે.ડી.વાઘેલાએ જણાવ્યું હતું કે, વડી કચેરીના આદેશ મુજબ આ પ્રતિબંધ અંગે વેપારીઓને જાણ કરવામાં આવી છે. આ ઉપરાંત ઓઈલ મિલોના માલિકોને પણ જૂના ડબ્બામાં તેલ ન ભરવાની સલાહ આપવામાં આવી છે.

# સાબરકાંઠામાં ખનન માફીયાઓ બેફામ બન્યા છે

સાબરકાંઠા,

ઈડર ગઢ પાછળ આવેલા તળાવ તેમજ ગઢની તળેટીમાં ખનન કામ કરી ખુલ્લો પડકાર આપતા ખનન માફિયા સાબરકાંઠા જિલ્લામાં ખાણ ખનીજ વિભાગને ખુલ્લો પડકાર આપનાર ખનન માફીઆઓ છેલ્લા કેટલાક સમયથી બેફામ બન્યા છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના ઈડર લીંબોઈ રોડ પર આવેલા ગઢ પાછળના તળાવમાં રાત દિવસ રેતી ચોરી કરવામાં આવી રહી છે ઈડર ગઢ પાછળના તળાવ સહિત ગંભીરપુરા દેવ દરબાર આશ્રમની બાજુમાં ડુંગરની તળેટીમાં પણ રેતી ચોરીના બનાવો વધ્યા છે. છેલ્લા કેટલાક સમયથી સરકારી તિજોરીને નુકસાન પહોંચાડી રેતીનું ખનન કરનાર ખનન માફીઓ દ્વારા તંત્રને ખુલ્લો પડકાર આપવામાં આવતો હોવા છતાં તંત્ર કાર્યવાહીમાં નિષ્ફળ જોવા મળી રહ્યું છે ત્યારે ધોળા દિવસે ખનન કરી ખનન માફિયા રેતી ચોરી કરી સરકારી તિજોરીને નુકસાન પહોંચાડી રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા ખનન માફિયાઓ સામે ક્યારે લાલ આંખ કરવામાં આવે છે તે મહત્વનું બની રહેશે. આવનાર સમયમાં સાબરકાંઠા જિલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા આગામી સમયમાં તંત્રને ખુલ્લો પડકાર આપનાર રેત ચોરો સામે કેવા અને કયા પ્રકારના પગલા ભરવામાં આવે છે તે મહત્વનું બની રહેશે

# અમદાવાદના ધોળકાના ધોળી ગામે સરપંચ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો

અમદાવાદ,

ધોળકા તાલુકાના ધોળી ગામે સરપંચ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં ગામનાં લોકો દ્વારા ચૂંટવામાં આવેલા સભ્યોએ વારંવાર સરપંચને વિકાસનાં તથા અન્ય રોજિંદા જીવનમાં આવતાં કાર્યો માટે રજૂઆત કરવામાં આવતી હતી. પરંતુ સરપંચ દ્વારા પદનો દુરુપયોગ કરીને અભદ્રભાષામાં અને ગમે તેવાં જવાબ આપવા આવતાં હતાં. જેથી કંટાળી આ સર્વે સભ્યોએ આ આખરી નિર્ણય લઈ સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી હતી. જેમાં સરકારનાં અધિકારીઓ દ્વારા મનઘડત નિર્ણય કરી મરણ પામેલ સભ્યની હાજરી ગણી, બહુમતી હોવાં છતાં બે તૃતીયાંશનો આગ્રહ રાખી ગામની પ્રાથમિક અને જીવનજરૂરિયાતની બાબતો માટે પોતાની પવિત્ર ફરજ બજાવતા સભ્યો દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીને ફગાવી દીધી હતી અને સ્થળ પર કોઈપણ જાતનો જવાબ કર્યા વગર અને સભ્યો દ્વારા આપવામાં આવેલા હાઈકોર્ટના આદેશની કોપી પણ સ્વીકારવાની ના કરી હતી અને ગાડીમાં સવાર થઈ ચાલતી પકડી હતી. પરંતુ આ સભ્યો દ્વારા જયારે ગાડી રોકી ત્યારે તાલુકામાંથી આવેલાં બહેનને ટીડીઓ સાહેબને જાણ કરી બોલાવવામાં આવ્યા હતાં. ટીડીઓ સાહેબે પણ આવી કોઈ નિર્ણય લીધો ન હતો અને સભ્યો દ્વારા આપવામા આવેલી લેખિત રજૂઆત સ્વીકારી હતી અને આવતી કાલે જવાબ કરવાનું આશ્વાસન આપ્યું હતું. ટીડીઓ સાહેબને પત્રકારો દ્વારા આ અંગે માહિતી માંગવા છતાંય જવાબ આપવાનું ટાળ્યું હતું આમ ચુંટાયેલા પ્રતિનિધિઓ સાથે અન્યાય થયાનો અહેસાસ થયો હતો.

# ઋણાનુબંધ - ભાવના આચાર્ય દેસાઈ 'ભાવુ'

સભાગૃહ તાળીઓનાં ગડગડાટથી ગુંજી ઊઠ્યું. નગરપાલિકા દ્વારા ત્યજી દેવાયેલાં, રસ્તે રઝળતાં શ્વાનો માટેનાં ઉચ્ચત્તમ આરોગ્યસેવા સુવિધા સાથે પુનર્વસન કેન્દ્ર પૂરી પાડવાનું પ્રશંસનીય કાર્ય કરનાર- વિભા મ્હાત્રેનું સન્માન કરવામાં આવી રહ્યું હતું. જેની નોંધ મીડિયામાં લેવાઈ હતી.

બીજે દિવસે ખુશનુમા સવારે કેન્દ્રનાં બગીચામાં ખુરશીમાં બેઠેલી વિભાએ છાપું હાથમાં લીધું. પ્રથમ પાને જ સન્માન સમારંભના સમાચાર હતાં. સજળ નેત્રે વિભા ભૂતકાળમાં સરી પડી. કૉલેજકાળના મિત્રો વિભા અને આલાપ ભણવામાં અવ્વલ નંબરે રહેતાં. એકમેકને સદા ભણવામાં મદદ કરતાં કરતાં પ્રેમમાં પડી ગયાં. બંને ઉચ્ચ કારકિર્દી માટે ખૂબ મહેનત કરતાં. સમયાંતરે આલાપ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે અને વિભા આઈ.ટી ક્ષેત્રમાં સારી કંપનીમાં ઉચ્ચ પદે ગોઠવાઈ ગયાં.




વિભા અને આલાપ બંનેને સાધનસંપન્ન પરિવારમાં સુમેળભર્યું વાતાવરણ, વ્યક્તિગત મોકળાશ સાથે પરિવારજનોનો સાથ હતો. બંનેનાં લગ્ન અંગે પરિવાર વચ્ચે સંવાદ શરૂ થયો. ભવિષ્યનાં સુંદર સપનાં સજાવતાં સુખમય જિંદગી વીતી રહી હતી ત્યાં એક ગોઝારા દિવસે ઑફિસમાં અગત્યનું કામ પતાવતાં આલાપને નીકળી ઘરે પાછાં ફરતાં મોડું થયું. સ્ટેશન પાસેની સાંકડી અવરજવર વગરની ગલીમાં અંધારાનો લાભ લઈને એક ટોળકીએ આલાપને લૂંટી લેવા આંતર્યો. અચાનક હુમલાથી ડઘાયેલા આલાપે પ્રતિકાર કર્યો. તેને તેઓએ ખૂબ માર્યો. જમીન પર પટકાયેલો માથામાં ગંભીર ઈજાગ્રસ્ત આલાપ તરફડિયાં મારવાં લાગ્યો. બદમાશો બૅગ લઈને નાસી ગયાં. થોડીવાર પછી ઊહકારા ભરતાં આલાપને બે માણસોએ જોતાં પરિસ્થિતિ પામી પોલીસમાં ખબર આપી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો.

આલાપનાં રિપોર્ટ મુજબ માથામાં ગંભીર ઈજા અને આંતરિક રક્તસ્ત્રાવને કારણે તેના પર તાત્કાલિક શસ્ત્રક્રિયા કરવામાં આવી. પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો. નાજુક હાલતમાં આઈ.સી.યુ.માં દાખલ આલાપને જોતાં જ વિભા વિહ્વળ થઈ ગઈ. ભાનમાં આવ્યાં પછી તે શૂન્ય નજરે જોયા કરતો. કોઈ પ્રતિભાવ ન આપતો . ડૉક્ટરના મંતવ્ય મુજબ આલાપનું મગજ બરાબર કામ કરતું નહોતું. લાંબા ગાળાની સારવાર અને પરિણામ માટે પરિવારે ધૈર્ય સાથે તૈયાર રહેવું પડશે.

વિભા આલાપના માતાપિતાનો સહારો બની. બે મહિના વીત્યા પછી પણ આલાપ બરાબર બોલી શકતો નહોતો. જ્ઞાનતંતુઓ પર અસર પડવાથી શરીરનું હલનચલન મંદ પડી ગયું હતું. અન્ય પર નિર્ભર બની ગયો. બહારની દુનિયાથી તો અલિપ્ત સાવ થઈ ગયો.આમ ને આમ છ મહિના વીત્યા. વિભા તેની અને પરિવારની આધારસ્તંભ બની સંભાળ લેતી. એક વર્ષ પછી બીજીવાર શસ્ત્રક્રિયા કરાઈ. ખાસ ફરક ન પડ્યો. પરિવારજનો અને વિભાએ આ નિયતિ સ્વીકારવી જ પડી. શારીરિક અક્ષમતા સાથે એક તેજસ્વી યુવાનની કારકિર્દી ઉદય થઈ, અલ્પ સમયમાં અસ્ત થઈ ગઈ. પરિસ્થિતિ સામે લાચાર બંને પરિવારજનોની ખૂબ સમજાવટ છતાં વિભાએ અન્ય સાથે લગ્ન ન કરવાનું નક્કી કરી નાંખ્યું. તેની વિચલિત અવસ્થામાં તેનું લાડકું ગલુડિયું 'પુકુ' આધાર બની રહ્યું. તે વિભાને એકલી ન છોડી પાસે બેસી રહેતું. તેનાં હાથ સિવાય ખોરાક પણ ન લેતું.

પુકુ વિભાને આઘાતમાંથી બહાર લાવવામાં નિમિત્ત બન્યું. વિભાનાં જીવનનું કેન્દ્ર પુકુ અને આલાપ બની રહ્યાં. તે એક સંતાનની જેમ બંનેને સંભાળતી, પ્રેમ વરસાવતી. અલ્પ સુધારા સાથે હવે આલાપ બધાંની સાથે બેસી શાંતિથી વાતો સાંભળતો. વિભા માનતી થઈ ગઈ કે ફક્ત પરિવારજનો, મિત્રો જીવનમાં અધૂરપ પૂરી કરે એવું નથી હોતું. અબોલ પ્રાણી પણ એટલી જ હૂંફ આપી જીવનમાં નવચેતના જગાડી શકે છે.

વિભાએ કામકાજ સાથે દૃઢ નિશ્ચય કરી રસ્તે રઝળતાં, બીમાર શ્વાનોની સંભાળ લેવાની શરૂઆત નાના પાયે કરી. તેની સેવાની પ્રતિષ્ઠિત સંસ્થાઓએ પણ નોંધ લીધી. વિભાનું સપનું હતું કે શ્વાનો માટે એક આધુનિક આરોગ્યસેવા સાથે સજ્જ આશ્રયસ્થાન સ્થાપવું. દિવસ-રાતની તપશ્ચર્યા, નિ:સ્વાર્થ સેવાના પરિણામસ્વરૂપે આજે નાની પણ હરિયાળી જગ્યાએ વિભાએ સપનું સાકાર કર્યું.

વિભા વર્તમાનમાં પાછી ફરી. જેનાં કારણે તેનું સન્માન કરવામાં આવ્યું. પ્રશંસાના ફૂલો વેરાઈ રહ્યાં હતાં. સર્વત્ર નોંધ લેવાઈ રહી હતી તે વર્તમાનપત્રો તેની બાજુમાં હતાં. પુકુ ચૂપચાપ વિભાના ખોળામાં ગોઠવાઈ ગયો. બાજુમાં બેઠેલા આલાપનો હાથ થામી વિભા સજળનેત્રે વહાલથી પુકુને માથે હાથ ફેરવતી વિચારી રહી કે આ જ તો કહેવાય ને ઋણાનુબંધ !

**ભાવના આચાર્ય દેસાઈ 'ભાવુ'**

# ખેડા જિલ્લામાં સાબરમતીના દુષિત પાણીથી ખેડૂતો પરેશાન

ખેડા,

ખેડા જિલ્લામાં ખેડૂતો સાબરમતીના દુષિત પાણીને લઈને પરેશાન થઈ ગયા છે. જેને પગલે ખેડૂતો વર્ષોથી આ સમસ્યાનો ઉકેલ લાવવાની માંગમી કરી રહ્યા છે. કાળા પાણીની સજાએ અંગ્રેજોના શાસનમાં ક્રાંતિકારીઓને આપવામાં આવતી હતી પણ તેવો જ ઘાટ હાલ ખેડા જિલ્લામાં પણ જોવા મળી રહ્યો છે. ખેડા જિલ્લાના ખેડા તાલુકામાં આવેલું નવાગામ ભેરઈ અને તેના આસપાસના વિસ્તારના ખેડૂતો હાલ પણ કાળા પાણીની સજા ભોગવી રહ્યા છે. વાસ્તવમાં, ખેડા જિલ્લાના ખેડા તાલુકામાં આવેલું નવાગામ ભેરઈ કે જે કલમબંધી વિસ્તારના નામથી પણ પ્રચલિત છે. જેમાં ૧૦ ગામોનો સમાવેશ થાય છે. ત્યારે જો કલમબંધી શબ્દના ઉદ્ભવની વાત કરીએ તો જે તે સમયે દાયકાઓ પહેલા કાળા પાણીની સજામાંથી મુક્તિ મેળવવા માટે એટલે કે ખારીકટ કેનાલનું પાણી આ વિસ્તારમાં બંધ થાય તે માટે તમામ ગામના લોકોએ મહા આંદોલન કર્યું હતું, જે અંતર્ગત ખારીકટ કેનાલનું પાણી બંધ કરવા માટે કલમોથી સહી કરવામાં આવી હતી, ત્યારબાદથી આ વિસ્તારનું નામ કલમબંધી કહેવાય છે. નામ એનું એજ અને સમસ્યા પણ એની એજ યથાવત રહી.આ કેનાલમાં સિંચાઈનું શુદ્ધ પાણી આપવાની જગ્યાએ અમદાવાદ વટવા જીઆઈડીસી તેમજ મુઠીયા ગામથી એસિડ વાળું અને કેમિકલ યુક્ત પાણી આ કેનાલમાં છોડવામાં આવવાને કારણે આસપાસના ગામડાઓની જમીન બંજર બની ગઈ છે, સાથે સાથે ખેતી પાક ઝેર યુક્ત ઉગી રહ્યો છે અને ખૂબ જ નબળી ગુણવત્તાનો તેમજ ઓછા જથ્થામાં ખેડૂતોને પાક મળી રહ્યો છે, આસપાસની જમીનોમાં તળાવ કે બોર ખોદવામાં આવે ત્યારે ભૂગર્ભમાં જળ પણ દુષિત થઈ ગયું છે અને ભૂગર્ભમાંથી લાલ પાણી નીકળી રહ્યું છે, આ ઉપરાંત કેમિકલ યુક્ત પાણીની દુર્ગંધથી હવામાન પ્રદૂષણને કારણે આસપાસના લોકોને અનેક શારીરિક સમસ્યાઓ થઈ રહી છે. જેમાં અનેક બીમારીઓનું ભોગ લોકો બની રહ્યા છે. આ તમામ સમસ્યાનો વર્ષોથી સામનો કરી રહેલા ગ્રામજનો અનેકવાર સ્થાનિક નેતાઓ, ધારાસભ્યો, સાંસદોને રજૂઆતો કરી ચૂક્યા છે પણ આ સમસ્યાનું નિરાકરણ આજ દિન સુધી કોઈ જ લાવી શક્યું નથી. ત્યારે કૃષિ મેળાઓ યોજીને કરોડોનો ધુમાડો કરતી સરકાર એક બાજુ ખેડૂતોને સમૃદ્ધ બનાવવાના નાટક કરી રહી છે તો બીજી તરફ ખેડૂતોની આ સમસ્યાને તેઓ નજર અંદાજ કરીને શું સાબિત કરવા માગે છે તે સમજાતુ નથી. આ કેનાલમાં સિંચાઈનું શુદ્ધ પાણી આપવાની જગ્યાએ અમદાવાદ વટવા જીઆઈડીસી તેમજ મુઠીયા ગામથી એસિડ વાળું અને કેમિકલ યુક્ત પાણી આ કેનાલમાં છોડવામાં આવવાને કારણે આસપાસના ગામડાઓની જમીન બંજર બની ગઈ છે.

# સુરેન્દ્રનગરમાં લેબર કોન્ટ્રાક્ટર માટે એડિશનલ જિલ્લા કલેક્ટરે સ્પેશિયલ જાહેરનામુ બહાર પાડ્યું

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો રોડ રસ્તાના કામ, ઔદ્યોગિક કામ, અન્ય બાંધકામ કે ખેતીકામ માટે બહારથી કે અન્ય રાજ્યોનાં મજુરો કામે રાખે ત્યારે તમામ વિગતો સાથેની માહિતી સબંધિત પોલીસ સ્ટેશન ખાતે રજુ કરવા અંગે સુરેન્દ્રનગર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આર.કે.ઓઝા દ્વારા એક જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.આ જાહેરનામાં અંતર્ગત, સુરેન્દ્રનગર જિલ્લામાં કોઈપણ મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો જયારે મજુરો કામે રાખે ત્યારે નિયત ફોર્મમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં લેબર કોન્ટ્રાકટર/મુકાદમ નું પુરૂ નામ, સરનામું, મોબાઈલ નંબર, મજુરનું નામ, વર્ષ, મૂળ વતનનું પૂરું સરનામું, હાલની મજુરીનું સ્થળ/ કંપનીનું નામ, મજુરના વતનના સ્થાનિક પોલીસ સ્ટેશનનું નામ તથા જિલ્લો અને ટેલીફોન નંબર, મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, સંપર્ક નંબર, મજુર અગાઉ કોઈ પોલીસ ગુનામાં પકડાયેલ હોય તો તેની વિગત, મુકાદમે/કોન્ટ્રાકટરે મજૂરી કામ માટે ક્યારથી રાખેલ છે. ઉપરાંત ઓળખ માટેનું આઈ.ડી. પ્રૂફ(ફોટા સાથેનું), જિલ્લામાં કઈ તારીખથી મજુરી કામ કરે છે?અને કઈ તારીખે જવાનો છે, જિલ્લામાં નજીકના સંબંધી હોય તો તેનું નામ, સરનામું અને સંપર્ક નંબર સહીતની ફોર્મ મુજબની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે રજુ કરવા સુરેન્દ્રનગર અધિક મેજીસ્ટ્રેટ દ્વારા જણાવાયુ છે.આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧/૦૧/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું